INDIA PARTNER Dabur GROUP

# અવિવા વેલ્થ બિલ્ડર



AVIVA
Life Insurance



**અવિવા વેલ્થ બિલ્ડર –** એક વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઇફ ઇન્શ્યૉરન્સ સેવિંગ્સ પ્લાન.

આપણે બધાં જ મહત્વાકાંક્ષાઓ અને લક્ષ્યો ધરાવીએ છીએ જે જીવનમાં સાકાર કરવાની આપણે આશા સેવીએ છીએ. પછી તે આપણાં કર્તવ્યો હોય જેમ કે બાળકનું શિક્ષણ / લગ્ન, કે પછી ઘર ખરીદવાનું સપનું, અથવા આરામથી નિવૃત્ત થવું. આપણે ત્યારે જ યોજના કરીએ છીએ જ્યારે આ ઘટનાઓ ઘટવાની હોય, પરંતુ આપણાં સપનાં અનુસાર તેને સાકાર કરવા પૂરતો સમય કે નાણાં મળે એ રીતે હંમેશા યોજના નથી કરતા. અવિવામાં અમે આ વાતને સમજીએ છીએ એટલે અવિવા વેલ્થ બિલ્ડર પ્લાનની સવિશેષ રચના કરી છે જેથી આ સપનાંઓ પૂરેપૂરાં સાકાર કરવામાં તમને મદદ મળે. આ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન તમે ચૂકવો એ કુલ પ્રીમિયમ રકમની બમણી રકમ પાકતી મુદતે તમને ચૂકવવાનું વચન આપે છે. એટલું જ નહીં, અવિવા વેલ્થ બિલ્ડર એ પણ સુનિશ્ચિત કરે છે કે તમારી હયાતી ન હોય ત્યારે પણ તમારો પરિવાર સારી રીતે સુરક્ષિત રહે. તો આવો, આગળ વધો અને તમારાં સપનાં સાકાર કરો.

**અવિવા વેલ્થ બિલ્ડર – અનોખાં આકર્ષણો**

- મૃત્યુ થવા પર ગૅરંટેડ પેઆઉટ: અમે વીમિત વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં તમારા પરિવારને વીમા રકમ ચૂકવીને સલામતી પૂરી પાડીએ છીએ, આ માટે મૃત્યુ થાય ત્યાં સુધીના બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય એ જરૂરી છે.
- પાકતી મુદતે જીવીત રહેવા (સર્વાઈવલ) પર ગૅરંટેડ પેઆઉટ: જો પાકેલા બધાં જ પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય તો ચૂકવેલા પ્રીમિયમોની કુલ રકમના બમણાં જેટલી રકમનો લમ્પસમ લાભ.

**અવિવા વેલ્થ બિલ્ડર – પાત્રતા**

| પરિમાણ | માપદંડ | | |
|---|---|---|---|
| પ્રવેશ સમયે ઉંમર | 5 થી 50 વર્ષ છેલ્લા જન્મ દિવસે | | |
| પૉલિસી મુદત અને પ્રીમિયમ ચૂકવણી મુદત (વર્ષમાં) | **પૉલિસી મુદત** | **પ્રીમિયમ ચૂકવણી મુદત** | |
| | 13 | સિંગલ પ્રીમિયમ | |
| | 15 | 5 | |
| | 17 | 10 | |
| પાકતી મુદતે ઉંમર છેલ્લા જન્મ દિવસે (વર્ષમાં) | **પૉલિસી મુદત** | **પાકતી મુદતે ઓછામાં ઓછી ઉંમર** | **પાકતી મુદતે વધુમાં વધુ ઉંમર** |
| | 13 | 18 | 63 |
| | 15 | 20 | 65 |
| | 17 | 22 | 67 |
| ઓછામાં ઓછું વાર્ષિકીકૃત / સિંગલ પ્રીમિયમ | સિંગલ પ્રીમિયમ: ₹1,50,000<br>વાર્ષિકીકૃત પ્રીમિયમ 5 ચૂકવણી: ₹75,000<br>વાર્ષિકીકૃત પ્રીમિયમ 10 ચૂકવણી: ₹50,000 | | |
| વધુમાં વધુ વાર્ષિકીકૃત / સિંગલ પ્રીમિયમ | ₹1,00,00,000 (પ્રતિ જીવન) બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસીને આધીન | | |
| વધુમાં વધુ / ઓછામાં ઓછી વીમા રકમ (સમ એશ્યૉર્ડ) | **PPT** | **ઓછામાં ઓછા વીમા રકમ (₹)** | **વધુમાં વધુ વીમા રકમ** |
| | સિંગલ | 3,00,150 | 2,00,25,000 |
| | 5 વર્ષ | 7,50,562.50 | 10,01,50,000 |
| | 10 વર્ષ | 10,01,750 | 20,05,00,000 |
| | પ્રતિ જીવન વધુમાં વધુ વીમા રકમ (₹) બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસીને આધીન રહે છે. | | |
| પ્રીમિયમ ચૂકવણીની વારંવારતા | સિંગલ અથવા વાર્ષિક | | |

**કૃપા કરી નોંધ લેશો:**

1. "*વાર્ષિકીકૃત/સિંગલ પ્રીમિયમ" પૉલિસીધારક દ્વારા પસંદ કરેલા વર્ષમાં ચૂકવવાની રહેતી પ્રીમિયમની રકમ રહેશે, જેમાં કરવેરા, રાઈડર્સ પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેના પર લોડિંગ્સ સામેલ નથી.
2. *સિંગલ પ્રીમિયમમાં અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.
3. ગુડ્સ ઍન્ડ સિર્વસીસ ટૅક્સ, સેશ લાગુ થાય તેમ સહિતના પરંતુ આ પૂરતા સીમિત નહીં એ કરવેરા પણ સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરાય તેમ લેવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.
4. પૉલિસીને વર્તમાન નાણાકીય વર્ષની અંદર લાગુ થતા પ્રીમિયમ ઉપરાંત બૅકડેટેડ કરવાની મુદત માટે 9% દ.વ. દરે વ્યાજ માસિક ચક્રવૃદ્ધિ સાથે કરવેરા, જો કોઈ હોય તો તેના સહિત ચૂકવીને બૅકડેટેડ કરી શકાય છે
5. જો પૉલિસીની શરૂઆત સમયે વીમિત વ્યક્તિ સગીર હોય તો:
   - રિસ્ક તરત જ શરૂ થઈ જશે.
   - પ્રીમિયમોની ચૂકવણી પૉલિસીધારકે કરવાની રહેશે જે વીમિત વ્યક્તિના માતા–પિતા અથવા દાદા–દાદી અથવા વાલી માંથી કોઈપણ હોઈ શકે છે. જો પૉલિસી મુદત પૂરી થયા પહેલા પૉલિસીધારકનું મૃત્યુ થાય તો ભાવિ પ્રીમિયમો વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા, કાનૂની વાલી દ્વારા ચૂકવી શકાય છે. જો વીમિત વ્યક્તિ સગીર હોય અને જો ભાવિ પ્રીમિયમો ન ચૂકવ્યાં હોય તો લૅપ્સ/પેઈડ–અપ જોગવાઈઓ લાગુ રહેશે.
   - વીમિત વ્યક્તિ સગીર હોય ત્યારે પૉલિસીધારકનું મૃત્યુ થવાના કિસ્સામાં, વીમિત વ્યક્તિના જીવીત રહેનાર માતા–પિતા/કાનૂની વાલી ક્લેમ દાખલ કરવા પર અને દસ્તાવેજી પુરાવો રજુ કરવા પર પૉલિસીધારક તરીકે માનવામાં આવશે
   - વીમિત વ્યક્તિ 18 વર્ષની ઉંમર પૂર્ણ કરે કે તરત જ પૉલિસી તેના/તેણીના હિતમાં થઈ જશે.

**લાભો**

**ડેથ બેનિફિટ**

- જો વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો નોમિનીને ચૂકવવાની રકમ સમ એશ્યૉર્ડ બરાબર રહેશે, જો અગર મૃત્યુની તારીખ સુધીનાં બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય.




"વાર્ષિકીકૃત પ્રીમિયમ" પૉલિસીધારક દ્વારા પસંદ કરેલા વર્ષમાં ચૂકવવાની રહેતી પ્રીમિયમની રકમ રહેશે, જેમાં કરવેરા, રાઈડર્સ પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેના પર લોડિંગ્સ સામેલ નથી.

**મેચ્યોરિટી બેનિફિટ:**

- પાકતી મુદત (મેચ્યોરિટી) પર વીમા રકમ ચૂકવવામાં આવશે, જો અગર બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય અને વીમિત વ્યક્તિ પાકતી તારીખ સુધી જીવીત રહે.

**ઉદાહરણ માટે:**
જો તમે 35 વર્ષની ઉંમર 15 વર્ષની પૉલિસી પસંદ કરો, અને વાર્ષિકીકૃત પ્રીમિયમ તરીકે 5 વર્ષ સુધી ₹1,00,000 (કુલ 5 લાખ) ચૂકવો તો પાકતી તારીખના રોજ (50 વર્ષની ઉંમરે) તમે ₹10,01,250 નો ગૅરંટેડ લાભ મેળવશો.




ચૂકવલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

"વાર્ષિકીકૃત પ્રીમિયમ" પૉલિસીધારક દ્વારા પસંદ કરેલા વર્ષમાં ચૂકવવાની રહેતી પ્રીમિયમની રકમ રહેશે, જેમાં કરવેરા, રાઈડર્સ પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેના પર લોડિંગ્સ સામેલ નથી.

**પ્રત્યેક રૂ.1000 સિંગલ / વાર્ષિકીકૃત પ્રીમિયમ દીઠ વીમા રકમ**

| પ્રવેશ સમયે ઉંમર | પૉલિસી મુદત = 13 વર્ષ | પૉલિસી મુદત = 15 વર્ષ | પૉલિસી મુદત = 17 વર્ષ |
|---|---|---|---|
| | પ્રીમિયમ ચૂકવણી મુદત = સિંગલ | પ્રીમિયમ ચૂકવણી મુદત = 5 વર્ષ | પ્રીમિયમ ચૂકવણી મુદત = 10 વર્ષ |
| 5 -25 વર્ષ | 2,002.50 | 10,015.00 | 20,050.00 |
| 26 – 35 વર્ષ | 2,002.00 | 10,012.50 | 20,045.00 |
| 36 – 40 વર્ષ | 2,001.50 | 10,010.00 | 20,040.00 |
| 41 – 50 વર્ષ | 2,001.00 | 10,007.50 | 20,035.00 |

''વાર્ષિકીકૃત પ્રીમિયમ'' પૉલિસીધારક દ્વારા પસંદ કરેલા વર્ષમાં ચૂકવવાની રહેતી પ્રીમિયમની રકમ રહેશે, જેમાં કરવેરા, રાઈડર્સ પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેના પર લોડિંગ્સ સામેલ નથી.

સિંગલ પ્રીમિયમમાં અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમ અને કરવેરા, જો કોઈ હોય તો તે સામેલ નથી.

**જો ઓછામાં ઓછા બે વર્ષના રેગ્યૂલર પ્રીમિયમો ન ચૂકવ્યા હોય તો.**

- જો પાકેલું પ્રીમિયમ ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા પ્રાપ્ત ન થાય તો પૉલિસી લેપ્સ થઈ જશે.
- પ્રીમિયમ ચૂકવવા પ્રીમિયમની પાકતી તારીખથી 30 દિવસનો ગ્રેસ પીરિયડ છે.
- પૉલિસીધારક લેપ્સ થયેલી પૉલિસી રિવાઈવ કરવા ન ચૂકવેલા પહેલા પ્રીમિયમ (FUP)ની તારીખથી પાંચ વર્ષની મુદત ધરાવશે.
- જો લેપ્સ થયેલી પૉલિસી રિવાઈવ ન કરવામાં આવે તો ન ચૂકવેલા પહેલા પ્રીમિયમની પાકતી તારીખથી પાંચ વર્ષ પછી ચૂકવેલા કુલ પ્રીમિયમોના 30% ચૂકવીને પૉલિસી રદ થઈ જશે.
- જો રિવાઈવલ મુદત દરમિયાન વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો કુલ પ્રીમિયમોના 100% નોમિનીને ચૂકવી દેવામાં આવશે.

ચૂકવલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

**જો ઓછામાં ઓછા બે વર્ષના રેગ્યૂલર પ્રીમિયમો ચૂકવી દીધા હોય તો**

- જો પાકેલું પ્રીમિયમ ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા પ્રાપ્ત ન થાય તો પૉલિસી પેઈડ–અપ પૉલિસી બનશે.
- પ્રીમિયમ ચૂકવવા પ્રીમિયમની પાકતી તારીખથી 30 દિવસનો ગ્રેસ પીરિયડ છે.
- પૉલિસીધારક પૉલિસી રિવાઈવ કરવા ન ચૂકવેલા પહેલા પ્રીમિયમ (FUP)ની તારીખથી પાંચ વર્ષની મુદત ધરાવશે.
- જો પેઈડ–અપ થયેલી પૉલિસી રિવાઈવ ન કરવામાં આવે તો પૉલિસી ઘટાડેલા લાભ એટલે કે પેઈડ અપ સમ એશ્યૉર્ડ સાથે ચાલુ રહેશે. પેઈડ–અપ સમ એશ્યૉર્ડ આ રહેશેઃ

$$\text{પેઈડ–અપ સમ એશ્યૉર્ડ} = \frac{\text{ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા}}{\text{પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર પ્રીમિયમોની કુલ સંખ્યા}} \times \text{સમ એશ્યૉર્ડ}$$

જો વીમિત વ્યક્તિ પાકતી મુદત પહેલા મૃત્યુ પામે અથવા પાકતી મુદત સુધી જીવીત રહે તો, પેઈડ–અપ થયેલી પૉલિસી સંદર્ભે પેઈડ–અપ સમ એશ્યૉર્ડ ચૂકવવાપાત્ર રહેશે.

**રિવાઈવલ**

- લેપ્સ થયેલી/પેઈડ–અપ પૉલિસીનું રિવાઈવલ ન ચૂકવેલા પહેલા પ્રીમિયમની તારીખથી 5 વર્ષની અંદર માન્ય છે.
- રિવાઈવલ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ માર્ગદર્શિકા મુજબ કંપનીને સંતોષકારક રીતે વીમિત વ્યક્તિના નિરંતર ઈન્શ્યૉરેબિલિટીના પુરાવાને આધીન રહે છે.
- બધાં જ પાકેલા પ્રીમિયમો રિવાઈવલ ફી ₹250 વત્તા કરેવેરા અને ન ચૂકવેલા પાકેલા પ્રીમિયમો માટે વિલંબિત મુદત પર વાર્ષિક 9% દરે માસિક ચક્રવૃદ્ધિ વ્યાજ વત્તા કરવેરા, જો કોઈ હોય તો તેના સહિત ચૂકવવાપાત્ર રહેશે.
- રિવાઈવલ ફી અને વ્યાજ દર ભવિષ્યમાં IRDAIની મંજૂરી સાથે સમીક્ષાને આધની રહે છે.

**સરન્ડર વેલ્યૂ (SV)**

- સિંગલ પ્રીમિયમ પૉલિસી પૉલિસીની મુદત દરમિયાન ગમે ત્યારે સરન્ડર કરી શકાય છે.
- રેગ્યૂલર પ્રીમિયમ પૉલિસી ઓછામાં ઓછાં બે વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા પછી ગમે ત્યારે સરન્ડર કરી શકાય છે.

ચૂકવવાપાત્ર સરન્ડર વેલ્યૂ ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ અથવા સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ, જે પણ વધુ હોય તે રહેશે.

જેમાંઃ
ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ (GSV) = GSV ફેક્ટર x કુલ ચૂકવેલા પ્રીમિયમો

ચૂકવલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

GSV ફેક્ટર નીચે આપેલા કોષ્ટક મુજબ પૉલિસી મુદત અને સરન્ડર કર્યાના પૉલિસી વર્ષ પર આધારિત છે.

| સરન્ડર કર્યાનું પૉલિસી વર્ષ | પૉલિસી મુદત માટે GSV ફેક્ટર | | |
|---|---|---|---|
| | 13 વર્ષ | 15 વર્ષ | 17 વર્ષ |
| 1 | 75% | 0% | 0% |
| 2 | 75% | 35% | 35% |
| 3 | 90% | 50% | 50% |
| 4 | 90% | 50% | 50% |
| 5 | 90% | 50% | 50% |
| 6 | 90% | 50% | 50% |
| 7 | 100% | 75% | 55% |
| 8 | 110% | 85% | 65% |
| 9 | 120% | 100% | 80% |
| 10 | 135% | 110% | 90% |
| 11 | 150% | 120% | 100% |
| 12 | 165% | 135% | 110% |
| 13 | 180% | 150% | 120% |
| 14 | | 165% | 135% |
| 15 | | 180% | 150% |
| 16 | | | 165% |
| 17 | | | 180% |

- સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ (SSV) = સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર x પેઈડ–અપ સમ એશ્યૉર્ડ
- સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ ફેક્ટર્સ (SSV) કંપની દ્વારા IRDAIની મંજૂરીને આધીન વખતો વખત સમીક્ષા કરવામાં આવે છે.

**કર લાભોઃ** પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર કર લાભો લાગુ રહે છે અને વખતો વખત ફેરફારને આધીન રહે છે.

**ગ્રેસ પીરિયડ :**
''ગ્રેસ પીરિયડ'' એટલે વીમા કંપની દ્વારા પાકતી તારીખથી કોઈ દંડ અથવા લેટ ફી વિના પ્રીમિયમની ચૂકવણી માટે માન્ય કરાયેલો સમય, જે સમય દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો મુજબ પૉલિસી કોઈ અંતરાળ વિના રિસ્ક કવર સહિત ઈન–ફોર્સ માનવામાં આવે છે. પ્રીમિયમની ચૂકવણી માટેનો ગ્રેસ પીરિયડ 30 દિવસનો રહેશે.

**નોમિનેશન અને અસાઈનમેંટઃ** નોમિનેશન, ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 39 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે, અસાઈનમેંટ, ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 38 હેઠળ આલેખિત કર્યા મુજબ અને વખતો વખત સુધારો કરાયા અનુસાર આ પૉલિસી હેઠળ માન્ય છે.

**લોનઃ** અવિવા આ પૉલિસી સામે લોન નહીં આપે.

**ફ્રીલૂક પીરિયડઃ**
પૉલિસીધારક પૉલિસી ડૉક્યુમેંટ મેળવ્યાની તારીખથી 15 દિવસના ફ્રી લૂક પીરિયડ (જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત મેળવી હોય તો 30 દિવસ) દરમિયાન પૉલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવે છે. જો પૉલિસીધારક ફ્રીલૂક પીરિયડ દરમિયાન કારણ જણાવીને પૉલિસી પાછી સોંપે તો, કંપની પૉલિસી રદ કર્યાની તારીખના રોજ પ્રીમિયમનું રીફંડ આપશે, જે કવર મેળવેલ મુદત માટેના સરેરાશ રિસ્ક પ્રીમિયમ, મૅડિકલ્સ પર થયેલ કોઈ ખર્ચ, જો કોઈ હોય તો અને સ્ટેમ્પ ડ્યૂટી બાદ કર્યા પછીની રકમ રહેશે.

જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત વેચવામાં આવી હોય તો 30 દિવસનો ફ્રી લૂક પીરિયડ માન્ય રહે છે.

**અપવર્જનો (જો કોઈ હોય તો)ઃ**
પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા તો મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન–ફોર્સ હોવી જરૂરી છે.

**સ્વીકૃતિ**
કંપની દ્વારા પૂર્ણ વિગતો ભરેલ પ્રસ્તાવ અને પ્રારંભિક ચૂકવણીની પ્રાપ્તિ રિસ્ક અંડરરાઈટ કરવા કંપનીના ભાગે કોઈ જવાબદારી ઊભી નથી કરતી, અને કંપની રિસ્ક અંડરરિટન કરી લે અને પૉલિસી ઈશ્યૂ ન કરે ત્યાં સુધી કંપની જવાબદાર નહીં રહે.

**અવિવા સાથે રોકાણ શા માટે કરવું જોઈએ?**
અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ એ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – યુકે (UK) સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ વચ્ચે થયેલું સંયુક્ત સાહસ છે, ભારત સાથે જેનો સંબંધ 1834ની સાલથી છે. અવિવા લાઇફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ઈતિહાસ 1696થી અસ્તિત્વ ધરાવે છે તેના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવશો. 1884માં સ્થાપિત, ડાબર ઈન્ડિયા લિમિટેડ, જે ડાબર ગ્રુપની મુખ્ય કંપની છે તે ભારતની સૌથી જૂની અને વિશાળ કંપનીઓ માંની એક છે. દેશમાં પરંપરાગત સ્વાસ્થ્ય ઉત્પાદનોની અગ્રણી ઉત્પાદક કંપનીઓ માંની આ એક છે.

**સેક્શન 41**
ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938 (1)ની કલમ 41 અનુસાર કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

ઈન્શ્યૉરન્સ એજન્ટ દ્વારા તેના પોતાના જીવન પર તેણે પોતે લીધેલ લાઈફ ઈન્શ્યૉરન્સ પૉલિસી સંદર્ભે સ્વીકારેલ કમિશન આ પેટા કલમના અર્થ અન્વયે પ્રીમિયમનું વળતર સ્વીકાર્યા તરીકે નહીં માનવામાં આવે જો અગર આ સ્વીકારતી વખતે ઈન્શ્યૉરન્સ એજન્ટ આલેખિત શરતોનું પાલન કરતા હોય જે સ્થાપિત કરે કે તે ઈન્શ્યૉરર દ્વારા નિયુક્ત કરાયેલ માનનીય ઈન્શ્યૉરન્સ એજન્ટ છે.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

**કલમ 45**
ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 45ની જોગવાઈઓ, વખતો વખત સુધારો કરાયા મુજબ કૉન્ટ્રાક્ટને લાગુ રહેશે.

## પ્રશ્નો અને ફરિયાદો

વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરો:

1800 103 7766 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા
0124-2709046 અથવા SMS કરો "Aviva" 5676737 પર.
ફૅક્સ નં.: 0124- 2571210

AVIVA
| Life Insurance |

*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને*
*અવિવા ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*


**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ**
**હેડ ઑફિસ:** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે,
DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003, હરિયાણા, ભારત
ફોન નં.: +91 124-2709000, ફૅક્સ નં.: +91 124-2571210
વેબસાઈટ: www.avivaindia.com
ઈમેઈલ: customerservices@avivaindia.com
**રજિસ્ટર્ડ ઑફિસ:** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ,
7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001, ભારત.

કૉર્પોરેટ આઈડેન્ટિટી નંબર (CIN): U66010DL2000PLC107880


બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહો: IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કે:

- IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે.
- IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

અવિવા વેલ્થ બિલ્ડર એક વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ, સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ. IRDA ઑફ ઈન્ડિયા નં.122. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર છે જે ફેરફારને આધીન રહે છે. હેલ્પલાઈન નંબર: 1800-180-22-66/ 1800-103-77-66, UIN: 122N100V04, Advt. No.: Dec 50/19,